ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૫-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### પ્રસિદ્ધિ માટેનાં આંધળૂકિયાં

આમ આદમીના નામ પર રાજકારણમાં પ્રવેશેલા દિલ્હીના ૪૯ દિવસના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ યેનકેન પ્રકારેણ મીડિયામાં ચમકતા રહેવા માગતા હોય એવું વર્તન કરતા રહ્યા છે. એમણે શરૂઆતના તબક્કામાં લોકસેવક અણ્ણા હજારેના જનલોકપાલ આંદોલનમાં અણ્ણાના હનુમાનનો પાઠ ભજવ્યો. પરંતુ અધવચ્ચે જ અણ્ણાની ઈચ્છા વિરૂદ્ધ રાજકીય પાર્ટી બનાવીને કેન્દ્ર તથા દિલ્હીની રાજય સરકાર સામે કૂદી પડ્યા. તે વખતે એમના આદર્શવાદી વલણ અને વાણીથી અંજાયેલી દિલ્હીની જનતાને એમનામાં ભારોભાર વિશ્વાસ મૂકી એમને અણધારી સફળતા પણ અપાવી. દિલ્હીનો કાર્યકલ્પ કરનારાં અને ત્રણ ત્રણ ટર્મ સુધી મુખ્યમંત્રી રહેલાં શીલા દિક્ષીતને ચૂંટણીજંગમાં ધૂળ ચાટતાં કરનાર કેજરીવાલના પક્ષને કોંગ્રેસે ટેકો આપીને સરકાર રચવાની તક પણ આપી. તેમ છતાં, એમનું વલણ કોંગ્રેસ વિરોધી જ રહ્યું તે ત્યાં સુધી કે ક્ષુલ્લક કારણોસર મુખ્યમંત્રીએ દિલ્હીના રાજમાર્ગ પર રાતવાસો કર્યો! કેજરીવાલ પોતાના સિવાયના તમામને ભ્રષ્ટાચારી ગણાવતા રહ્યા છે. એમના આ બેફામ વાણી વિલાસ સામે ભાજપના ભૂતપૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન ગડકરીએ બદનક્ષીનો દાવો કર્યો હતો. સામાન્ય રીતે રાજકારણીઓ રોજેરોજ એકબીજાને ચોર, લૂંટારા અને ભ્રષ્ટાચારીઓ જેવા 'ખિતાબો'થી નવાજતા રહે છે. ભાગ્યે જ કોઈ બદનક્ષીના દાવા સુધી જતું હોય છે. તાજેતરમાં સંપન્ન થયેલ લોકસભાની ચૂંટણીમાં આ પ્રકારના અઢળક આક્ષેપોનો વરસાદ વરસ્યો હતો પરંતુ બદનક્ષી કે એવી કોઈ લાંબી પહોળી લપછપમાં પડવાનું રાજનેતાઓ પસંદ નથી કરતા હોતા. કોઠી ધોઈને કાદવ કાઢવા જેવા આ ધંધામાં 'સાપને ઘેર પરોણો સાપ' જેવો ખેલ થતો રહે છે અને પ્રજાને વગર પૈસાનું મનોરંજન મળતું રહે છે. પરંતુ પોતે હરિશ્ચંદ્રના અવતાર હોય એમ કેજરીવાલ તમામ નાનામોટા નેતાઓને માથે ભ્રષ્ટાચારી હોવાનું લેબલ લગાડતા રહેતા હતા. એમાં નીતિન ગડકરી સામેની આક્ષેપબાજી એમને પોતાને ભારે પડી ગઈ. ગડકરી સામેના બદનક્ષીના કેસમાં છેક ત્રીજી સુનાવણીની તારીખે સદેહે હાજર થયેલા 'આપ'ના સંયોજકે જામીન પર છૂટવા માટે દસ હજારના જાત મુચરકાનું બૉન્ડ ભરવાનો ઈન્કાર કરી દેતાં એમને મહિલા ન્યાયાધીશે બે દિવસ માટે તિહાડની હવા ખાતા કરી દીધા છે. આક્ષેપબાજી કરવામાં તો આ 'આમ આદમી'એ પાછું વાળીને જોયું જ કયાં છે! નરેન્દ્ર મોદી સામે ચૂંટણી લડીને રાષ્ટ્રીય નેતા તરીકે છવાઈ જવા માગતા કેજરીવાલે મોદી-અંબાણીની કહેવાતી સાંઠગાંઠ અને એની વચ્ચેની કડી રૂપે મંત્રીમંડળમાં અંબાણી પરિવારના જમાઈ સૌરભ પટેલને પણ લપેટામાં લેવાનાં હવાતિયાં માર્યા હતા તે સર્વવિવિત છે. વારાણસીમાં તમામ તાકાત અજમાવ્યા છતાં ઊંધે માથે પટકાયેલા કેજરીવાલે દિલ્હી પાછા ફરીને પોતે ઉતાવળે રાજીનામું આપવા બદલ જાહેર માફી પણ માગી તથા ઉપરાજયપાલ નજીબ જંગને મળી ફરીવાર આમ આદમી પાર્ટીની સરકાર બનાવવાની પેરવી પણ કરી જોઈ. જો કે એમને શબ્દના વિશિષ્ટ અર્થમાં 'ઓળખી' ગયેલી કોંગ્રેસે એમને ટેકો આપવાની ધરાર ના ભણી દીધી અને દિલ્હીની પ્રજાએ પણ એમને સરેઆમ નકારી દીધા એથી કેજરીવાલ એકાએક રક્ષણાત્મક સ્થિતિમાં આવી ગયાલ છે. મોડેમોડે એમને પોતાની 'ભૂલ' નો પસ્તાવો થઈ રહ્યો છે. એમણે ઉતાવળે સરકારનું રાજીનામુ ન ધરી દીધું હોત તો બારોબાર છવાઈ જવાની મહેચ્છા સાથે દેશ આખામાં ચારસો બેઠકો લડવાના બિનવહેવારુ નિર્ણયને બદલે દિલ્હી અને આસપાસના વિસ્તારોની પચાસેક બેઠકો લડવાનો શાણો વિકલ્પ સ્વીકાર્યો હોત તો એમની ફજેતી ન જ થઈ હોત. પરંતુ કેજરીવાલની મહત્ત્વાકાંક્ષા આકાશને આંબતી હોય ત્યાં એ સાથીઓની શિખામણ તો કાને ધરે જ શાના? કુમાર વિશ્વાસ જેવા બટકબોલા, હવાઈ કિલ્લા રચનારા સાથીએ અમેઠીમાં રાહુલ સામે મોરચો માંડ્યો અને ત્રણ મહિનાની સખત રઝળપાટને અંતે ડિપોઝીટ પણ ન બચાવી શક્યા. કેજરીવાલે મોદીની સામે તાકાતને ઊણી આંકી એમની સામે વારાણસીમાં અડિંગો લગાવ્યો, ત્યાં પણ એમને નિરાશા સાંપડી. દિલ્હી વિધાનસભામાં અઠ્યાવીસ બેઠકો જીતનાર આમ આદમી પાર્ટીનો પંજાબમાં વિશેષ અપવાદ સિવાય દિલ્હી સહિત દેશ આખામાં સફાયો થઈ ગયો. હવે કેજરીવાલ માટે ટીવીમાં ચમકતા રહેવાનો કોઈ ઉપાય જ ન બચ્યો હોઈ એમણે ન્યાયપાલિકાના આદેશનું ઉલ્લંઘન કરી તિહાડ જેલમાં જવાનું પસંદ કર્યું. એમના સમર્થકોની સંખ્યામાં ધરખમ ઘટાડો થયો છે અને સાજિયા ઈલ્મી જેવાં તો ખુલ્લેઆમ એમના નાટકવેડાથી ત્રાસી જઈ નેતૃત્વ બદલવાની વાત કરવા લાગ્યા છે. છતાં કેજરીવાલ મચક આપતા નથી. ન્યાયાધીશે એમને વાજબી રીતે જ 'આમ આદમી'ની લાઈનમાં જાત મુચરકો ભરી જામીન આપવાની વાત કરી હતી, પરંતુ દશ હજારનું બૉન્ડ આપવા કરતાં જેલમાં જઈને પબ્લિસીટી ઓળવી લેવાનો કારસો રચ્યો, એથી ઊલ્ટાનું દિલ્હી અને દેશની પ્રજામાં એમની રહીસહી આબરૂના ધજાગરા જ થયા છે. લોકોને મૂરખ બનાવવા એમના નુસખા હવે ખુલ્લા પડી ગયા છે અને જે રૉકેટ ગતિએ એમનો પતંગ ઊંચે ચડ્યો હતો એથી બમણી ઝડપે એમની પ્રતિષ્ઠા નીચે પટકાઈ રહી છે. તમામમાં છિદ્રો શોધી એમને ભૂંડી ગાળો દેનાર ભૂતપૂર્વ ઈનકમ ટૅક્ષ કર્મચારી અને કર્મશીલ ભારતીય રાજકારણમાં 'સ્ટંટબાજ' તરીકે સ્થાપિત થઈ રહ્યા છે. એક સિદ્ધાંતવાદી, અણિશુદ્ધ સ્વચ્છતાના આગ્રહી તરીકે ઊપસેલા નેતા માટે આથી વધારે શરમજનક બીજું શું હોઈ શકે?

# આજે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ, ગુજકેટની પરીક્ષાનું પરીણામ

## ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૧૧૫૪૯૫ વિદ્યાર્થીઓના ભાવિનો નિર્ણય : ઉંચુ પરિણામ જાહેર થાય તેવી શક્યતા

અમદાવાદ, તા.૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૪માં લેવામાં આવેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (ચોથુ સેમેસ્ટર) અને ગુજકેટની પરીક્ષાનું આવતીકાલે પરીણામ જાહેર કરવામાં આવશે. આ સાથે જ રાજ્યની તમામ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર પરીણામ જાહેર કરવામાં આવશે. આ સાથે જ રાજ્યની તમામ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં આચાર્ય આવતીકાલે સવારે ૯:૦૦ કલાકથી સાંજના ૪:૦૦ કલાક દરમિયાન જિલ્લા વિતરણ કેન્દ્રોએ શાળાના પ્રતિનિધિને મોકલીને શાળાનું પરીણામ મેળવી શકશે, વિદ્યાર્થી ત્યારબાદ શાળામાંથી પોતાનું પરીણામ મેળવું શકશે.

અમદાવાદ શહેરમાં ૯૪૨૩ અને ગ્રામ્યના ૫૫૭૫ વિદ્યાર્થીઓ સહીત રાજ્યભરમાંથી કુલ ૧,૧૫,૪૯૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. રાજ્યના ૨૬ જિલ્લા કેન્દ્રોથી લેવામાં આવેલ આ પરીક્ષાનું પરીણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલે વહેલી સવારે બોરેડની વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવશે. આ સાથે જ શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી મેડાકલ અને પેરા મેડીકલમાં પ્રવેશ માટે લેવાયેલ ગુજકેટ-૨૦૧૪ની પરીક્ષાનું પરીણામ પણ આવતીકાલે જ જાહેર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે કુલ ૪૭૦૧૦ વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપી હતી. આ સાથે જ રાજ્યની તમામ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્ય આવતીકાલે સવારે ૯:૦૦ કલાકથી સાંજના ૪:૦૦ કલાક દરમિયાન જિલ્લા વિતરણ કેન્દ્રો શાળાનાં પ્રતિનિધિને મોકલીને શાળાનું પરીણામ મેળવી શકશે, વિદ્યાર્થી ત્યારબાદ શાળામાં પોતાનું પરીણામ મેળવી શકશે. આ ઉપરાંત ઈન્ટરનેટનાં માધ્યમથી વિદ્યાર્થીઓ-વાલીઓ અનુકુળતા મુજબ પરીણામ જોઈ શકે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જે મુજબ વિદ્યાર્થીઓ શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb. org અને www.gipl.net ઉપરથી પોતાનું પરીણામ જાણી શકશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ મોબાઈલ પર એસએમએસ માધ્યમથી પરીણામ મેલવી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. જે માટે વોડાફોન ઉપભોક્તા એચએસસી સ્પેસ સીટ નંબર લખીને તેમજ ગુજકેટનું પરીણામ જાણવા માટે ગુજકેટ સ્પેસ સીટ નંબર લખીને ૫૦૧૧૧ નંબર એસએમએસ મોકલવાનો રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ ગુજરાત કોલ સેન્ટરના ૧૮૦૦૨૩૩૫૫૦૦ ટોલ ફ્રી નંબર પર કોલ કરીને પણ પોતાનું પરીણામ જાણી શકશે.

## હરિની દૃષ્ટિ...




બહેનો ચલાવી શકે તેવું સ્મુધ કરી નાઈખું... !!

# દલિત સમાજના સંગઠનોની પોકેટ ડીરેક્ટરી બનાવવા માહિતી મંગાવાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં કાર્યરત દલિત સમાજના વિવિધ સંગઠનો, સામાજિક સંસ્થાઓ, મંડળો અને ક્રેડિટ સોસાયટીની માહિતી આપતી પોકેટ ડાયરી બનાવવા માટે જે તે સંસ્થાના પ્રમુખ-મંત્રીના નામ સરનામા સાથેની વિગતો મેળવવા અગાઉ જાહેરાત કરવામાં આવી હતી.

આ બાબતે માહિતી મેળવવાની મુદતમાં વધારો કરીને તારીખ ૫મી જૂન સુધી લંબાવવામાં આવી છે. આ તારીખ પહેલા આ માહિતી પ્રવિણ શ્રીમાળીને ટે. નં. ૮૦, ગુજરાત હાઉસીંગ બોર્ડ, સેક્ટર-૨૫ ખાતે મોકલી આપવા જણાવાયું છે. તા. ૫મી જૂન પછી કોઈ માહિતી લેવામાં આવશે નહી તેવી લાગતા વળગતાઓને નોંધ લેવી તેનો ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ સમિતિ દ્વારા અનુરોધ કરાયો છે.

# નિસર્ગ સાયન્સ સેન્ટરે આંતરરાષ્ટ્રીય જૈવિક દિવસની ઉજવણી કરી

## વિદ્યાર્થીઓને સેકટર-૩૦માં આવેલ વન સંશોધન સંકુલની મુલાકાતે લઈ જવાયા : વિવિધ છોડની માહિતી અપાઈ

ગાંધીનગર, તા.૨૨

પૃથ્વી પર નષ્ટ થઈ રહેલી જૈવિક વિવિધતા અંગે જાગૃતિ લાવવા સંયુકત રાષ્ટ્રએ ૨૨મી મે ને રાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિવસ તરીકે મનાવવામાં આવે છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આંતરરાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિવસની ઉજવણી કરી હતી. સંસ્થા દ્વારા બાળકોને વનસંશોધન સંકુલની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. જયાં વિવિધ છોડની માહિતી આપવામાં આવી હતી.

ગાંધીનગરના સે-૨૩માં આવેલા નિસર્ગ સાયન્સ કોમ્યુનિટી સેન્ટર વિજ્ઞાન લક્ષી કાર્યક્રમો કરી બાળકોને શિક્ષણ પુરું પાડે છે. સેન્ટર દ્વારા વિજ્ઞાનને લગતા તમામ દિવસો ઉજવવામાં આવે છે. જે તે દિવસને લઈને વિદ્યાર્થીઓને ઉંડાણપૂર્વકનું જ્ઞાન પુરું પાડવામાં આવે છે ત્યારે આજે બાળકો સાથે રાષ્ટ્રીય જૈવિક વિવિધતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

નિસર્ગ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓને સે-૩૦માં આવેલ વન સંશોધન સંકુલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જયાં ગુજરાત સ્ટેટ બાયો ટેકનોલોજી મીશનની ટીસ્યુ કલ્ચર લેબ દેખાડવામાં આવી હતી. લેબમાં રહેલી વિવિધ વનસ્પતિઓ અને પ્રાણીઓના સેલ તેમજ કોષમાં રાખવામાં આવેલા ડીએનએ વિશે વિસ્તૃતમાં સમજણ આપવામાં આવી હતી. આ સાથે ડીએનએ કેવી રીતે કામ કરે છે તેની પણ માહિતી આપવામાં આવી હતી.

જૈવિક વિવિધતા અથવા જૈવ વિવિધતા વિશે માહિતી મેળવવા ૬૫ વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ વિદ્યાર્થીઓને ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજીના ડૉ. માધવ જોષી, ડૉ. સુમિત વ્યાસ, મિતાલી શાહ અને ડારેકટર અક્ષય સકસેનાએ બાયોટેકનોલોજી વિશે માહિતી આપી હતી. ટ્રસ્ટી અનિલ પટેલ, કો. ઓર્ડિનેટર શિવાંગ પટેલ, હાર્દિક મકવાણા અને મીત પટેલ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# લો હવે પાન કાર્ડમાં પિતાના બદલે માતાનું નામ છપાવી શકાશે

ગાંધીનગર, તા.૨૨

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટર ટેકસીસ એટલે કે સીબીટીડી દ્વારા પાનકાર્ડ મેળવવા માટેની અરજી માટેના ફોર્મ નં. ૪૯ એ અને ૪૯એએમાં અરજદારની પાછળ પિતાના નામની બદલે માતાનું નામ પણ લખી શકાશે તેવો વિકલ્પ પૂરો પાડયો છે. વર્તમાન સમયમાં પોતાના નામની પાછળ પિતાના બદલે માતાનું નામ લખાવવાનો ક્રેઝ વધતો જાય છે ત્યારે સીબીટીડીનું આ પગલું આવકારદાયક બની રહેશે તેમાં બેમત નથી.

પરમેનેન્ટ એકાઉન્ટ નંબર (પાન)માં અત્યાર સુધી અરજદારે અરજીફોર્મમાં પિતાના નામની વિગત ભરવી ફરજીયાત હતી. સીબીટીડીએ તાજેતરમાં નવા લોન્ચ કરેલા ફોર્મમાં નોંધપાત્ર ફેરફાર કરતા પિતાના નામની જગ્યાએ માતાનું નામ લખી શકવાનો વિકલ્પ પુરો પાડયો છે. તેમજ અરજદાર પાન કાર્ડ પર માતા અથવા પિતા બંનેમાંથી જેનું નામ છપાવવા ઈચ્છે તે લખવાની સગવડ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પાનકાર્ડ એ અનેક જગ્યાએ ઓળખપત્ર તરીકે ઉપયોગમાં લેવાય છે. આથી ઓળખપત્રમાં અરજદારનું નામ એક સમાન હોય તે જરુરી છે પરંતુ માતા અથવા પિતા બંનેમાંથી અરજદાર ઈચ્છે તેનું નામ પોતાના નામની સાથે છપાવી શકે તેવો વિકલ્પ આપી સીબીટીડીએ આવકારદાયક પગલું ભર્યું છે. જો કે આ સાથે માતાના નામ વાળા પુરાવા હોવા અંગે અરજદારોને ઘણી કડાકૂટ કરવી પડશે તેવી પણ ભીતિ સેવાઈ રહી છે.



જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ (જે.સી.આઈ.) અને સીસીડેનાં સંયુકત ઉપક્રમે સેન્ડવીચ મેકીંગની સ્પર્ધા યોજાઈ ગઈ. ઈન્ફોસીટી ખાતે આવેલ સીસીડેમાં આ 'સેન્ડવીચ મેકીંગ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક સ્પર્ધકે ૩ મિનિટમાં સેન્ડવીચ બનાવવાની હતી. આ પ્રસંગે સીસીડેનાં ફુડ એન્ડ બેવરીસનાં રીજનલ હેડ નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહ્યા હતાં. પ્રથમ ક્રમે ડૉ. પરાગી જશવંત ગાંધી જયારે દ્વિતિય ક્રમે સુબા જોષી વિજેતા થયા હતા. જેમને સીસીડી તરફથી ભેટ આપવાં આવી હતી અને તમામ સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે જેસીઆઈનાં હોદેદારો ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)

# બોર્ડની પરીક્ષા ચોરીમાં ૩૧૪ વિદ્યાર્થી, ૧૧૭ શિક્ષકો દોષિત

## દોષિત વિદ્યાર્થીઓની ૨૬મી મેથી ૬ જૂન સુધી સુનાવણી થશે : વિદ્યાર્થીએ શિક્ષણ બોર્ડ સમક્ષ હાજર રહેવું પડશે

અમદાવાદ, તા.૨૨

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ચોરી કરવા અંગે તમામ જિલ્લા શિક્ષણાધિકારીએ પોતાના રીપોર્ટ સિક્ષણ બોર્ડમાં સબમિટ કરાવ્યા હતા. જેના આધારે શિક્ષણ બોર્ડે ૩૧૪ વિદ્યાર્થીઓ અને ૧૧૭ શિક્ષકો દોષિત હોવાનું જાહેર કર્યું છે. આ વિદ્યાર્થીઓનું પરીણામ અનામત રખાયા બાદ તેઓને શિક્ષણ બોર્ડ સમક્ષ રજુઆત માટે વધુ એક તક આપવાનો નિર્ણય કરાયો છે. જે મુજબ આગામી ૨૬મી મેથી ૬ જૂન સુધીમાં તમામ વિદ્યાર્થીઓને શિક્ષણ બોર્ડ સમક્ષ પોતાના બચાવ માટે રજુઆત કરવા ઉપસ્થિત રહેવાનો સમય ફાળવવામાં આવશે અને તેની સુનાવણી કરવામાં આવશે. ધોરણ ૧૦, ૧૧ તથા ૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહની પરીક્ષામાં સીસીટીવી કેમેરા અને ટેબ્લેટ દ્વારા તમામ પરીક્ષા કેન્દ્રો પર બાજ નજર રાખવામાં આવી હતી. સિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા પૂર્ણ થયા બાદ ૧૭૧૦ સીડી તૈયાર કરાવવામાં આવી હતી અને તેમાં પરીક્ષા કેન્દ્રમાં હલચલ કરતા અને ચોરીનો પ્રયાસ કરતા વિદ્યાર્થીઓ તથા પરીક્ષામાં ગેરરીતી આચરવામાં મદદગાર થતાં શિક્ષકો અને શાળા સંચાલકો વિરૂદ્ધ તમામ જિલ્લાના શિક્ષણ અધિકારીઓને સીડી મોકલાવી તપાસના આદેશ કર્યા હતા. રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી એસવી રાજશાખા દ્વારા ૯૦ સીડીની ચકાસણી કરાઈ હતી અને તમામ શાળાના સંચાલકો તથા શંકાસ્પદ શિક્ષકો અને વિદ્યાર્થીઓના નિવેદનો લઈ રીપોર્ટ શિક્ષણ બોર્ડ સમક્ષ સબમિટ કરવામાં આવ્યો હતો. શિક્ષણ બોર્ડના સ્કુલ કન્ટ્રોલિંગ વિભાગના આસીસ્ટન્ટ સેક્રેટરી વી.એમ. ચૌધરીએ જણાવ્યું હતું કે ૧૨ સાયન્સમાં પરીક્ષામાં ચોરી કરવા અંગે ૩૧૪ વિદ્યાર્થી વિરૂદ્ધ અધિકારીઓએ રીપોર્ટ કર્યા છે તેમજ ૧૧૭ શિક્ષકો વિરૂદ્ધ મદદગારી અને નિષ્કાળજીના રીપોર્ટ મળ્યા છે. આ કારણે શુક્રવારે ધોરણ-૧૨ સાયન્સનું પરીણામ છે ત્યારે ૩૧૪ વિદ્યાર્થીઓના પરીણામો અનામત રાખવાનો નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત ૨૬મી મેથી ૬ જૂન સુધીમાં તમામ વિદ્યાર્થીઓને શિક્ષણ બોર્ડ સમક્ષ પોતાના બચાવ માટે રજુઆત કરવા ઉપસ્થિત રહેવાનો સમય ફાળવવામાં આવશે અને તેની સુનાવણી કરવામાં આવશે.

# ધોરણ-૧૨ પછી મેનેજમેન્ટ ક્ષેત્રે કારકિર્દી ઘડતરની અઢળક તકો

ગાંધીનગર, તા. ૨૨

સમગ્ર રાજયનાં ધો. ૧૨ની પરીક્ષા આપી ચુકેલા વિદ્યાર્થીઓ જ્યારે પરિણાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે ત્યારે તેઓને ઉજ્જવળ કારકિર્દીના શ્રેષ્ઠ ઉપલબ્ધ વિકલ્પો વિષે માહિતી આપવાનો અમારો આ સાદર પ્રયત્ન છે.

સાંપ્રત સમયમાં વૈશ્વિક સ્તરે ખાનગી તેમજ સરકારી ક્ષેત્રોમાં મેનેજમેન્ટના વિદ્યાર્થીઓની મોટા પ્રમાણમાં માંગ ઉભી થઈ રહી છે અને આ માટે મેનેજમેન્ટનાં અભ્યાસક્રમની લાયકાત અને કુશળતા ધરાવતા વધુમાં વધુ સ્નાતકો તૈયાર થાય એ માત્ર આજનાં સમયની માંગ જ નહિ, પરંતુ આપણી નૈતિક ફરજ છે. બીબીએના અભ્યાસક્રમમાં મેનેજમેન્ટ ક્ષેત્રના તમામ પાસાઓને આવરી લેવામાં આવે છે.

સહકારી ક્ષેત્ર, બેંકિંગ ક્ષેત્ર, વિમા, ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રથી લઈને વાહનવ્યવહાર તેમજ આયાત-નિકાસનાં સરકારી તેમજ ખાનગી એકમોમાં મેનેજમેન્ટ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને પહેલી પસંદગી આપવાની પ્રણાલી બની ગઈ છે. આ માટે વિદ્યાર્થીઓ જાગૃત થાય અને બીબીએ જેવા કોર્સમાં રસ લઈ તેની માહિતી એકત્રીત કરી પોતે કારકિર્દી ઘડતરમાં તેનો ઉપીયોગ કરે તે અતિ આવશ્યક બન્યું છે.

માર્કેટિંગ, હ્યુમન રિસોર્સ તેમજ ફાઈનાન્સ ક્ષેત્રમાં ઉભા થયેલા આકર્ષણનું મુખ્ય કારણ એ છે કે રાષ્ટ્રીય તેમજ વૈશ્વિક ફલક પર મેનેજમેન્ટ ક્ષેત્ર ખૂબજ ઝડપથી વિકસી રહ્યું છે. બીબીએ જેવા, પાયાથી મેનેજમેન્ટ ક્ષેત્રનું બહોળુ જ્ઞાન આપતા કોર્સીસને લીધે વ્યાવસાયીક તેમજ ધંધાકિય ક્ષેત્રે તેઓ માટે અનેક તકો ઉપલબ્ધ થાય છે. આ ઉપરાંત બીબીએ પછી ઉચ્ચ અભ્યાસની તકો પણ પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. સીએ, સીએસ, સીએફએ તથા આઈસીડબલ્યુએ જેવા પ્રોફેશનલ કોર્સનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે બીબીએની સાથે-સાથે જ આ બધા કોર્સિસ કરવા વિદ્યાર્થીઓ માટે ઉજ્જવળ કારકિર્દીનાં શ્રેષ્ઠ વિકલ્પો સાબિત થઈ રહ્યા છે.

વ્યાવસાયિક કૌશલ્ય તેમજ સંચાલનમાં કુશળતા એ આજના યુગની ઉભરતી જરૂરિયાત છે. સાંપ્રત સમયમાં જ્યારે રાજકિય ક્ષેત્રે સુશાસન અને વહિવટી પાસાઓને લઈને રાજકિય ધુરંધરોએ અનેકગણી સિદ્ધિઓ પ્રસ્થાપિત કરી છે તે ફક્ત અને ફક્ત તેઓમાં રહેલ સંચાલકિય કુશળતાને આભારી છે.

વ્યક્તિત્વ વિકાસ એ વ્યક્તિએ પોતાની રોજીંદી પ્રવૃત્તિઓનું શિસ્તબદ્ધ આયોજન અને સંચાલન છે. બીબીએનો અભ્યાસ વિદ્યાર્થીઓમાં શિસ્ત, સંસ્કાર અને મુલ્યોની સભાનતા, કટીબદ્ધ નિર્ણય શક્તિ, અખૂટ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચય કેળવવાની કળા જેવા અનેક ગુણોનો વિકાસ કરે છે.

# કુલપતિને આવેદન પાઠવી ફી વધારો પાછો ખેચવા માંગ કરી

અમદાવાદ, તા.૨૨

ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંલગ્ન બીકોમ, બીસીએ, બીબીએ કોલેજોને ફી વધારાની મંજુરી આપવાનો નિર્ણય કરાયો છે ત્યારે કોંગ્રેસની વિદ્યાર્થી એનએસયુઆઈના કાર્યકરો દ્વારા આજે ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ સાથે કાર્યકર્તાએ તંત્ર વિરૂદ્ધ સુત્રોચ્ચાર કરીને ફી વધારો પાછો ખેંચવા માટે કુલપતિને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. યુનિવર્સિટીમાં શૈક્ષણિક સત્ર શરૂ થવાને આડે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે બીકોમ, બીસીએ અને બીબીએ કોલેજોએ ફી વધારાની માંગણી કરી હતી. કોલેજોની આ માંગણીને સ્વીકારી યુનિવર્સિટી તંત્ર દ્વારા ફી વધારાની મંજુરી આપવામાં આવી છે જેના પગલે યુનિવર્સિટી સંલગ્ન બીબીએ, બીસીએ અને બીકોમ કોલેજોમાં અભ્યાસ કરી રહેલ હજારો વિદ્યાર્થીઓ ઉપર આર્થિક બોજ પડ્યો છે. જેના વિરોધમાં આજે કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઈ દ્વારા યુનિવર્સિટી કેમ્પસમાં વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં એનએસયુઆઈનાં કાર્યકર્તાએ યુનિવર્સિટી કેમ્પસમાં સુત્રોચ્ચાર કરીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો આ સાથે જ તેમણે કુલપતિને આવેદનપત્ર પાઠવીને ફી વધારો પાછો ખેચવા માટે માંગ કરી હતી.

# બ્લોક અને કલસ્ટર કક્ષાની શિક્ષકોની તાલીમ યોજાશે

## વેકેશન સમયે તાલીમના આયોજનથી શિક્ષકોમાં કચવાટ

## શિક્ષકોએ તાલીમમાં ફરજિયાત હાજરી આપવી પડશે

અમદાવાદ, તા.૨૨

સર્વ શિક્ષાઅભિયાન અંતર્ગત સાત દિવસની બ્લોક કક્ષાની તથા ત્રણ દિવસની કલસ્ટર કક્ષાની તાલીમ શિક્ષકો માટે ફરજીયાત છે. ત્યારે જિલ્લાના પ્રાથમિક શિક્ષકો માટે વેકેશન દરમ્યાન તાલીમનું આયોજન કરતા શિક્ષકોમાં કચવાટ જોવા મળ્યો હતો. આ આયોજનમાં સાત દિવસની બ્લોક કક્ષાની તથા ત્રણ દિવસની કલસ્ટર કક્ષાની તાલીમ યોજાશે. જેમાં જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકોએ ફરજીયાત હાજરી આપવી પડશે. સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૪-૧૫ના બજેટમાં સેવાકાલીન શિક્ષણ તાલીમ સાત દિવસની બ્લોક કક્ષાની તથા ત્રણ દિવસની કલસ્ટર કક્ષાની તાલીમની જોગવાઈઓ કરવામાં આવી છે. જ્યારે ધોરણ-૩ થી ૫ના બિનપ્રજ્ઞા શિક્ષકો માટે તા. ૪ જુનથી ૭ જુન દરમ્યાન ૪ દિવસની બિન નિવાસી શિક્ષક તાલીમ બ્લોક કક્ષાએ યોજાશે. આ તાલીમમાં તાલુકાના તમામ કલસ્ટરો પૈકી ૨-૪ કલસ્ટરો ભેગા કરીને તાલીમ સેન્ટરો નક્કી કરાશે.

આ તાલીમમાં ધોરણ-૧થી ૫ના ૫૭૦૮ શિક્ષકો જ્યારે ધોરણ-૬ થી ૮ના ૩૦૭૭ શિક્ષકો ભાગ લેશે. તાલીમ અંતર્ગત જે શિક્ષક પોતાના પસંદગીના વિષયની તાલીમ મેળવી શકશે અને તાલીમ અંગેની વિષય વસ્તુ હવે પછીના તબક્કામાં આપવામાં આવશે એવી સુત્રોએ માહિતી આપી હતી. ઉપરાંત સાત દિવસની બ્લોક કક્ષાની અને ત્રણ દિવસની કલસ્ટર કક્ષાની નિયત બિન નિવાસી તાલીમ માટે પ્રતિશિક્ષકને પ્રતિ દિવસ રૂપિયા ૧૦૦ પ્રમાણે જોગવાઈ કરવામાં આવી છે ત્યારે આ તાલીમના આયોજનથી શિક્ષકો માટે વેકેશન ગાળો ટુંકો થઈ જતા કચવાટ જોવા મળ્યો હતો.